જય જય હનુમાન ગોસાઈ : હનુમાન જયંતિના પાવન પર્વે પ્રસિદ્ધ ડભોડીયા હનુમાન મંદિરે વહેલી સવારથી ભાવિકો દર્શનાર્થે ઉમટ્યા હતા. સવારે નીકળેલી ભવ્ય શોભાયાત્રામાં ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. રામ - લક્ષ્મણ - જાનકી... જય બોલો હનુમાન કી...ના જયઘોષોથી ગગન ગાજી ઉઠ્યું હતું. હનુમાન જયંતિ નિમિત્તે ૧૫૧ કિલોની કેક કપાઈ હતી. મંદિરમાં હનુમાન ચાલીસાના સામૂહિક પાઠ યોજાતા સમગ્ર માહોલ ભાવસભર બન્યો હતો. ભાવિકોએ હનુમાન જયંતિ નિમિત્તે હનુમાનજીની મૂર્તિ અભિષેક કરવા ૧૧,૧૧૧ તેલના ડબ્બા ભેટ આપ્યા હતા. સવારે ચાર વાગ્યાથી રાત્રે બાર વાગ્યા સુધી હનુમાનજીના દર્શન માટે મંદિરમાં લાંબીલાંબી કટારો જામી હતી.

વિદેશ નીતિ અંગે ભારત ઉણું ઉતર્યું : શંકરસિંહ વાઘેલા

વિધાનસભા વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલાએ કેન્દ્ર સરકારની વિદેશ નીતિ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. જેમાં તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે આંતરરાષ્ટ્રીય ડિપ્લોમેસી હોય કે વિદેશ નીતિ બધુ જ દેશના પ્રધાનમંત્રી કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. દેશમાં વિદેશ મંત્રાલય કે વિદેશ મંત્રી હોય નહીં તેવું લાગી રહ્યું છે. ભાજપ રાષ્ટ્રવાદ કમ હિન્દુવાદની કસોટીમાંથી પસાર થઈ રહ્યો છે. રાષ્ટ્રવાદના નામે ભારત માતા કી જય વંદે માતરમ્ કયા સમજતા હે પાકિસ્તાન ચીનને લાલ આંખ બતાવીશું એવા રાષ્ટ્રવાદના નામે મતો મેળવવા માટે કરાયેલા ભાષણોનો કાળ પુરો થઈ ગયો છે. કમભાગ્યે છેલ્લા ત્રણ વર્ષથી કેન્દ્રમાં ભાજપની એનડીએ સરકારના નબળા શાસનને પરિણામે ભારત સાથે બાંગ્લાદેશ, ચીન, નેપાળ, પાકિસ્તાન, બ્રહ્મદેશ કે શ્રીલંકા જેવા પાડોશી દેશો સાથે મૈત્રીભર્યા સંબંધો રાખી શક્યા નથી. આંતરરાષ્ટ્રીય ડિપ્લોમસી અને વિદેશ નિતી કે જે પ્રધાનમંત્રી ખુદ ઘડી રહ્યા છે. દેશમાં વિદેશ મંત્રાલય કે વિદેશ મંત્રી હોય તેવું લાગતુ જ નથી અને તેના પરિણામે બિન અનુભવી અને અણઆવડતવાળી ભાજપની સરકાર પડોશી દેશોને દુશ્મન બનાવી રહી છે. દલાઈ લામાને આપણા પોતાના પ્રદેશ અરૂણાચલ પ્રદેશમાં જવું હોય તો ચીનની નારાજગી વહોરવી ન પડે તેનું ધ્યાન રાખી ભારત સરકાર ચાલી રહી હોય તે દુઃખદ છે. પાકિસ્તાને જ્યારે આપણા નૌકાદળના નિવૃત અધિકારી કુલભુષણ જાધવને પાકિસ્તાની સૈન્ય કોર્ટ કે કોર્ટે ફાંસીની સજા સંભળાવી હોય ત્યારે સંસદમાં કડક જવાબ આપી જલદ પગલાં ભરવાને બદલે દેશની ભાજપ સરકાર મગરના આંસુ સારતી હોય એમ દેશના વિદેશ મંત્રી, ગૃહમંત્રી સંરક્ષણ મંત્રી કે પ્રધાનમંત્રીની બોલતી બંધ થઈ ગઈ છે.

મહાપૂજા : ચૈત્રી પૂનમના પાવન પર્વે શહેરના ઘ-માર્ગ ઉપર આવેલ ચેહર માતાના મંદિરે શહેરના અગ્રણી ઉદ્યોગપતિ અંબુસિંહ ગોલ પરિવાર દ્વારા મહાપૂજાનો કાર્યક્રમ યોજાયો હતો. દિવસ દરમિયાન હોમાત્મક યજ્ઞ અને માતાજીના ગુણાનુવાદ કરાયા હતા.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ભગવાન હવે... ઊંચે ઊડજો... પહેલા જેવું નથી અમારે ત્યાં... હવે અમે વૃક્ષો કાપી નાખ્યા છે... અને ઊંચા ઊંચા મોબાઈલ ટાવર ઉભા કર્યા છે...

શ્રી અન્નપૂર્ણાધામ ટ્રસ્ટ અડાલજ ખાતે લેઉવા પાટીદારોનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

લેઉવા પાટીદારોના સ્વમાન ગૌરવનું શ્રધ્ધાતીર્થ શ્રી અન્નપૂર્ણાધામ ટ્રસ્ટ અડાલજ ખાતે આગામી તા. ૧૩ એપ્રિલને ગુરુવારના રોજ સાંજે ૬ થી ૯ કલાક દરમિયાન લેઉવા પાટીદાર સમાજના ભાઈબહેનોનો સ્નેહમિલન સમારોહ યોજાશે. શ્રી અન્નપૂર્ણાધામ ટ્રસ્ટ સ્વામીનારાયણ ફાર્મ અડાલજ ચાર રસ્તાથી કોબા માર્ગ તરફ આયોજીત આ સ્નેહમિલન સમારંભના અધ્યક્ષ તરીકે પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહેશે. આ સ્નેહમિલન સમારોહમાં સૌ ભાઈ બહેનોને પધારવા અન્નપૂર્ણાધામ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી નરહરિ અમીન અને પ્રમુખ કુંવરજીભાઈ પટેલ સહિત સૌ હોદેદારોએ અનુરોધ કર્યો છે.

શ્રીરંગ ફલેટ ખાતે ભાગવત દશમ સ્કંધ કથાનું આવતીકાલે સમાપન

ગાંધીનગર, તા.૧૧

ન્યુ ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાંથી ધોળેશ્વર મહાદેવ મંદિર પાસે શ્રીરંગ ફલેટસના કોમન પ્લોટ ખાતે તા. ૭મી એપ્રિલથી શ્રીમદ ભાગવત દશમ સ્કંધની ૧૪૦મી કથા યોજાઈ છે. જેનું તા. ૧૩મી એપ્રિલ ગુરુવારે રાત્રે ૧૧.૩૦ કલાકે સમાપન થશે. આ કથા જયદેવ બ્રહ્મભટ્ટ ઉર્ફે ડોંગરેજી પદરેણુંની વ્યાસપીઠે યોજવામાં આવી છે. જાણીતા કથાકાર જયદેવ બ્રહ્મભટ્ટે વિવિધ ૧૮૫ જેટલી કથાઓ કરી છે. ધોળેશ્વર મહાદેવના સાંનિધ્યમાં પ્રથમ વાર શ્રીમદ ભાગવત દશમ સ્કંધની કથા યોજવામાં આવી છે. કથામાં પ્રાપ્ત થનાર તમામ પ્રકારના દાનને ફક્ત રકતપિડીતો, રામરોટી, અન્નક્ષેત્રો, વિદ્યાક્ષેત્રો, ધર્મક્ષેત્રો વગેરેમાં અર્પણ કરવામાં આવે છે. આ કથાનો ન્યુ ગાંધીનગર વિસ્તારના રહીશો મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

પત્નીનુ ખુન કરવાના કેસમાં પતિને આજીવન કેદની સજાનો આદેશ

દહેગામના ધારીસણા ગામમાં કોઇકારણ વગર ચપ્પાના ઘા મારી પત્નીનુ મોત નિપજાવ્યુ હતુ

ગાંધીનગર તા ૧૧

દહેગામના ધારીસણા ગામમાં પત્નીનુ ખુન કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે તેણીના પતિને આજીવન કેદની સજા ભોગવવાનો આદેશ કર્યો છે. કોર્ટે આરોપીને રૂ ૧૦ હજારનો દંડ ભોગવવાનો પણ હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૧૭ જુલાઈ વર્ષ ૨૦૧૫ ના રોજ અલ્લારખા અબદુલ મન્સુરીએ પૈસા વાપરવા લેવા બાબતે પત્ની સાથે ઝઘડો કર્યો હતો. આરોપીએ તેની પત્ની મુમતાઝને ચપ્પાના ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. જેના લીધે તેણીનુ મોત નિપજયુ હતુ.

આ મામલે રખિયાલ પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની પ્રિન્સિપાલ ડ્રીસ્ટ્રીકટ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ પંડયાએ દલીલો કરી હતી. જેમાં કોર્ટ સમક્ષ દલીલોમાં જણાંવ્યુ હતુ કે આરોપીએ કોઈપણ કારણ વગર તેની પત્નીને ચપ્પુના ઘા મારી નાંખી હોવાના પુરાવા કોર્ટ સમક્ષ છે. જયારે પુરાવાઓને ધ્યાને લઇ આરોપીને આજીવન કેદની સજા કરવી જોઈએ.

ડોકટર, તપાસ કરનાર અધિકારીની જુબાની સહીત પુરાવાઓને ધ્યાને લઈ જજ અજયકુમાર સી રાવે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીને રૂ ૧૦ હજારનો દંડ ભોગવવા પણ આદેશ કર્યો છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદની સજા ભોગવવા પણ કોર્ટે હુકમ કર્યો છે.

દહેગામના નવાનગર ખાતે મહાકાળી માતાજીનો રજત જયંતિ પાટોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના નવાનગર ગામે આવેલ મહાકાળી માતાજીના મંદિરને ૨૫ વર્ષ પૂર્ણ થતા સમસ્ત ગ્રામજનો દ્વારા રજત જયંતિ પાટોત્સવ મહોત્સવની ઉજવણી રંગચંગે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નવયુવાનોને વ્યસન મુકિત તેમજ સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

જિલ્લાના દહેગામ તાલુકાના નવાનગર ગામે મહાકાળી માતાજીનું મંદિર આવેલું છે. છેલ્લા ૨૫ વર્ષથી મહાકાળી માતાજીના પાટોત્સવની ઉજવણી કરવામાં આવે છે. જયારે આ વર્ષે રજત જયંતિ મહોત્સવ અંતગર્ત વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યા હતા. ગત્ તા.૯ ના રોજ મંદિરના પાટોત્સવ ને ધ્યાને રાખીને ગ્રામજનો દ્વારા મંદિરનું રિનોવેશન તેમજ સુંદર ગેટનું નિર્માણ કરવામાં આવ્યું છે. જયારે પાટોત્સવના દિવસે માતાજીના ૪૧ પાટલા પર ભકતો દ્વારા ધાર્મિક નવચંડી હવન-પુજન કરવામાં આવ્યું હતું. જયારે ગામમાં સવારે ૧૦ કલાકેથી નીકળેલી ભવ્ય શોભાયાત્રા ગામમાં શેરી મહોલ્લામાં ફરીને સાંજે મંદિર પરિસર ખાતે પહોંચી હતી. માતાજીના દર્શન કરવા ગ્રામજનો મો ટી સંખ્યામાં જોડાયા હતા. ત્યારબાદ શોભાયાત્રા મંદિરે પરત ફરતા શ્રીફળ હોમીને યજ્ઞની પૂર્ણાહુતી થઈ હતી. મહાકાળી માતાજીના પાટોત્સવમાં હૈયેથી હૈયુ દળાય તેવી ભકતોની ભીડ જામી હતી. જયારે પાટોત્સવ અંતર્ગત ભોજન પ્રસાદમાં ગામમાં કોઈપણ વ્યકિત પ્રસાદ વિનાનું ના રહી જાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવેલ હતું. જેમાં દરેક પશુ માટે દરદીઠ ૫૦૦ ગ્રામ ગોળ તેમજ ગાયોને ઘાસચારો અને કીડીયારુ પુરવામાં આવ્યું હતું. જયારે સમસ્ત ગ્રામની બહેન-દિકરીઓને આ પ્રસંગે આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમજ પાટોત્સવ પ્રસંગે દિકરીઓને તાંબાના લોટાની લ્હાણી પણ આપવામાં આવી હતી. જયારે સમગ્ર પાટોત્સવ પ્રસંગે વ્યસન મુકિત તેમજ સફાઈ અભિયાન પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. જયારે સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોઈ પણ વ્યકિત વ્યસન કરતો નજરે પડયો ન હતો. માતાજીના નિજ મંદિર રાત્રે રાસ-ગરબાની રમઝટ જામી હતી. જેમાં ભકતોએ ગરબાની મોજ માણી હતી. જયારે માતાજીના પાટોત્સવ પ્રસંગને સૌ ગ્રામજનોએ ભેગા મળીને રંગેચંગે ઉજવણી કરી હતી.

ભાજપ દ્વારા સ્વચ્છતા અભિયાન સાથે કાર્યકર્તા સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા દરેક વોર્ડ પ્રમાણે કાર્યકર્તા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત સોમવારે વોર્ડ નં. ૧નું કાર્યકર્તાઓનું સંમેલન સે. ૨૮, ચરેડી ખાતે યોજાયુ હતુ. જેમાં સ્વચ્છ ભારત અભિયાન તળે વોર્ડ સફાઈ અભિયાન પણ હાથ ધરાયેલ હતુ. જેમાં પ્રદેશ ભાજપના અગ્રણી અને એસ.ટી. બોર્ડના ડાયરેક્ટર ભગવાનદાસ પંચાલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મેયર પ્રવીણભાઈ પટેલ, મહાનગર ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, ઝોન મહામંત્રી કનુભાઈ દેસાઈ, મ્યુનિસિપલ કાઉન્સીલર નીતિનભાઈ પટેલ, હર્ષાબા ધાંધલ, બર્ખાબેન ઝા, વોર્ડ પ્રભારી અને મહાનગર ભાજપ ઉપાધ્યક્ષ અતુલભાઈ પટેલ, ઉરેનભાઈ પટેલ, કીર્તિભાઈ પટેલ, મંત્રી પદમસિંહ ચૌહાણ, વોર્ડ પ્રમુખ ધર્મેન્દ્રભાઈ પટેલ, મહામંત્રી ઉમેશભાઈ ઝા તથા મહાનગર ભાજપ યુવા મોરચાના પ્રમુખ અમિતભાઈ પટેલ, પ્રદેશ ભાજપ યુવા મોરચાના કોષાધ્યક્ષ સત્યદીપસિંહ તથા મોટી સંખ્યામાં વોર્ડ ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઓમકાર વિદ્યાલય, સેક્ટર-૧૩ ખાતે વોર્ડ નં. ૫ના ભાજપ કાર્યકર્તાઓનું સંમેલન યોજાયું હતું. જેમાં ગુડા ચેરમેન આશિષભાઈ દવે દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની સફળ યોજનાઓ અને થયેલ વિકાસના કામોનું વિસ્તૃત માર્ગદર્શન અપાયુ હતુ. આ પ્રસંગે મહાનગર ભાજપના ઉપાધ્યક્ષ ઉરેનભાઈ પટેલ દ્વારા ઓનલાઈન ટ્રાન્ઝેક્શન અંગે ભીમ એપ અંગે મહામંત્રી કનુભાઈ દેસાઈએ બુથ સમિતિ તથા મજબુત સંગઠન કાર્ય વિષે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં મહાનગર ભાજપ મંત્રી વસંતભાઈ રાઠોડ, પલ્લવીબેન પરીખ, મહાનગર ભાજપ મીડિયા સેલ અને બેટી પઢાવો-બેટી બચાવો પ્રકલ્પના વિનોદભાઈ ઉદેચા, આઈટી સેલના રાહુલભાઈ નાયક, વોર્ડ પ્રમુખ મફતભાઈ દેસાઈ, મંહામંત્રી સુરેશભાઈ પટેલ, ભરતભાઈ આરસોડીયા, ઉપાધ્યક્ષ ખેમભાઈ સોલંકી, ભાવનાબેન પાઠક, ગુલાબચંદ પટેલ, દિલીપભાઈ મોર્ય, ધીરૂભા ઝાલા, આરીફ શેખ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

નવચંડી યજ્ઞ : ચૈત્રી પૂનમના પાવન પર્વે સેક્ટર-૨ ઉના વેપારીઓ દ્વારા નવચંડી યજ્ઞ યોજાયો હતો. વેપારી અગ્રણી કૌશિક સુખડીયાના મુખ્ય યજમાન પદે યોજાયેલ યજ્ઞની પૂર્ણાહૂતિ પ્રસંગે શહેરના વેપારીઓ, રાજકીય આગેવાનો તથા સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વલાદ શક્તિ કેન્દ્રની બેઠકમાં પરેશ રાવલની હાજરી

ધારાસભ્ય શંભુજી ઠાકોરની ગેરહાજરીએ ચર્ચા જગાવી : કેન્દ્ર સરકારની સિદ્ધિઓ મતદારો સુધી પહોંચાડવા કાર્યકરોને આહ્વાન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકાના વલાદ ખાતે શક્તિ કેન્દ્રની બેઠકમાં અભિનેતા સાંસદ પરેશ રાવલ ઉપસ્થિત રહ્યાં હતા. વલાદ ઉપરાંત ભાટ અને ડભોડાના શક્તિ કેન્દ્રના પક્ષોમાં ભારે હલચલ જોવા મળી રહી છે. ચૂંટણી મોડમાં આવી ગયેલ ભાજપના નેતાઓ હવે જાહેર કાર્યક્રમોમાં હાજરી આપતા થઈ ગયા છે. લોકસભાની અમદાવાદ પૂર્વ બેઠક સેલીબ્રીટી સાંસદ પરેશ રાવલ રહ્યાં છે. પરેશ રાવલે આ બેઠકમાં વિધાનસભાની આગામી ચૂંટણીઓમાં મિશન-૧૫૦ને સાકાર કરવા કેન્દ્ર સરકારની સિદ્ધિઓને મતદારો સુધી પહોંચાડવા કાર્યકર્તાઓને હાંકલ કરી હતી.

સભ્યો ઉપરાંત ભાજપના કાર્યકરો તથા હોદેદારો આ બેઠકમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જો કે આ બેઠકમાં ધારાસભ્ય શંભુજી ઠાકોરની ગેરહાજરી ઉડીને આંખે વળગતી હતી.

રાજયમાં જેમ જેમ વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવતી જણાય છે તેમ તેમ રાજકીય પક્ષોમાં ભારે હલચલ જોવા મળી રહી છે. ચૂંટણી મોડમાં આવી ગયેલ ભાજપના નેતાઓ હવે જાહેર કાર્યક્રમોમાં હાજરી આપતા થઈ ગયા છે. લોકસભાની અમદાવાદ પૂર્વ બેઠક સેલીબ્રીટી સાંસદ પરેશ રાવલ પણ લાંબા સમય બાદ વલાદ ખાતે શક્તિ કેન્દ્રની બેઠકમાં ઉપસ્થિત રહ્યાં હતા. જો કે આ બેઠકમાં સ્થાનિક ધારાસભ્ય શંભુજી ઠાકોરની અનુપસ્થિતિએ ભારે ચર્ચા સાથે તર્ક-વિતર્ક જગાવ્યાં હતા. ચૂંટણી પહેલા મતદારોનો સીધો સંપર્ક થઈ શકે તે હેતુથી દોડતા થઈ ગયેલા નેતાઓ હવે મતદારોને મળવા ઉત્સુક જણાઈ

પરેશ રાવલે દહેગામ ખાતે પણ હાજરી આપી હતી પરંતુ ચૂંટણીઓ બાદ પહેલી વાર દહેગામમાં પધારેલા સાંસદ પ્રત્યે નાગરિકોમાં રોષની લાગણી જોવા મળી હતી. આ બેઠક પહેલા નાગરિકોએ સોશ્યલ મિડિયા પર 'પરેશ રાવલ ખોવાયા છે' જેવી રમૂજો તેમના ફોટા સાથે વાઈરલ કરી રોષ ઠાલવ્યો હતો.